# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૬/૦૭/૨૦૨૬ થી તા.૧૨/૦૬/૨૦૨૬ સુધી

લેખક: જયોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):-** મિત્રો વગેરેનો સાથ મળે. છતાં મુશ્કેલીઓનો સામનો વીકમાં કરવાનું બનશે. મોટા ખર્ચા અને નવા રોકાણ સમજદારીપૂર્વક કરવાં. આરોગ્યની સમસ્યા સતાવે. કોર્ટ- કચેરી પોલીસ વગેરેના કામમાં ધીરજ રાખવી. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. વિદેશ પ્રવાસનાં કામ થાય. સમાજ અને કાર્યસ્થળે યશ મળે. નવા ધંધાકીય કે કોમર્શિયલ રોકાણ લાભદાયક રહેશે. હકારાત્મક વ્યવહારથી લાભ થાય.



**વૃષભ (બ,વ,ઉ):-** તમારી મહેનતની કદર ઓછી થાય. નવી પ્રોપર્ટી ખરીદતાં પહેલાં વડીલોની સલાહ લેવી. અચાનક કોઈના તરફથી સરપ્રાઈઝ પ્રપોઝલ મળી શકે છે. વિદ્યાર્થીઓની પરીક્ષા હકારાત્મક રહે. સંતાનોનાં કામની યોજનામાં મિત્રોનો સાથ મળે. મનગમતા સ્થળ પર યાત્રાથી શાંતિ મળે. દાન-પુણ્ય થાય. સમાજસેવાનાં કામ થાય. મજાક પર કાબૂ રાખવો. સાથે બિનજરૂરી ખર્ચથી બચવું. શુભ સમાચાર મળે.



**મિથુન (ક,છ,ઘ):-** વહીવટી કુશળતા અને સમયસર કામ કરવાની કદર થાય. ઉપરી વર્ગનો સાથ મળે. નવી પ્રોપર્ટી ખરીદતા ઉતાવળ કરવી નહીં. અચાનક સમસ્યાઓ પેદા થઈ શકે છે. ધંધા-વેપારમાં ધીરજ રાખવી. સંતાનોની સમસ્યા સતાવે. પુત્રીસંતાનથી શાંતિ મળે. પ્રેમમાં ગેરસમજ પેદા થાય. શેર, સટ્ટા, લોટરી વાયદામાં ધીરજ રાખવી. તમારા નવા હકારાત્મક વિચારો નવી દિશા તરફ લઈ જશે. ગુસ્સા પર કાબૂ.



**કર્ક (ડ,હ):-** સામાજિક સમસ્યા સતાવે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. તમારી કામ કરવાની ક્ષમતાની કસોટી થાય. વીકના મધ્યમથી અચાનક નવી તક મળે. આગળ કરેલા રોકાણનું પરિણામ મળે. પ્રેમમાં પરસ્પર ભેટ સોગાદથી વિશ્વાસ વધે. ઉચ્ચ શિક્ષણમાં ભાગ્યનો સાથ મળે. સરકારી નોકરીની તક મળે. સંતાન-જીવનસાથી સાથેના સંબંધો મજબૂત બનશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન રહેવું.



**સિંહ (મ,ટ):-** મહત્ત્વની મિટીંગ કે ઈન્ટરવ્યુમાં આત્મવિશ્વાસનો પ્રભાવ હકારાત્મક પરિણામ લાવશે. ઘરમાં અશાંતિ રહે. રોજના કામમાં વિલંબ થાય. નવા આધુનિક વિચારો વેપાર ધંધાને આગળ લઈ જાય. મિત્રો, જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં પ્રગતિ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. પ્રોપર્ટી બાબતે અનુકૂળતા થાય. ધંધામાં નવી યોજના પાર પડે.



**કન્યા (પ,ઠ,ણ):-** વીક ઉપરી વર્ગને પ્રભાવિત કરવાની તક આપનાર સાબિત થશે. નવા વિચાર અને વ્યાવહારિક કુશળતાથી સફળતા મળે. ઘરમાં વડીલો સાથે ઘર્ષણ ટાળવું. વિવાહની વાતમાં પ્રગતિ થાય. ભાગીદારીમાં તાલમેળ રાખવો. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. આરોગ્ય નરમ રહે. ઉતાવળમાં રોકાણ કરવું નહીં. સરકારી કામમાં ધીરજ રાખવી. અચાનક સફળતા મળે. શુભ સમાચાર મળે. આવક વધે.



**તુલા (ર,ત):-** નવાં રોકાણ કરવાની યોજના હકારાત્મક રહે. કોઈ તરફથી ભેટ મળી શકે છે. નોકરીમાં પ્રમોશન કે નવી તક મળે. હરીફોથી સાવધાન રહેવું. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નોકર-ચાકરથી સાવધાન. રોજની આવક વધશે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. પડવા-વાગવાથી, પાણી- આગ-અકસ્માતથી સાવધાન રહેવું. ધર્મ-કર્મથી શાંતિ મળે.



**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં બહારના કામનો બોજ વધશે. નવી જવાબદારીથી તમારી બૌદ્ધિક ક્ષમતા સિધ્ધ થાય. નવા ફેરફારથી દોડધામ વધે. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે. વિદ્યાર્થીઓની મહેનતનું ફળ દેખાશે. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. સંતાનના અભ્યાસ બાબતે મદદ મળે. કાર્યક્ષેત્રે વિચારભેદથી ઘર્ષણ વધે. હરીફો વધશે. સમાજજીવનમાં યશ મળે. દાંપત્યમાં અશાંતિ વધે.



**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ કાર્યક્ષેત્રમાં વિલંબ અને રૂકાવટનો અનુભવ કરાવનાર રહેશે. જો કે મહેનત અને જવાબદારીથી નવી દિશા મળશે. મકાન-મિલકત બાબતે વિઘ્નો આવે. આર્થિક બાબતમાં સુધારો થાય. નવાં મકાન પ્રોપર્ટીનાં કામ થાય. બહારના કામનો બોજ વધશે. પ્રેમ પ્રકરણો સામાન્ય રહે. અભ્યાસમાં પ્રગતિ થાય. શેર, સટ્ટા, લોટરી બાબતે ધીરજ રાખવી. પડવા-વાગવાથી સાવધાની રાખવી.



**મકર (ખ,જ):-** મનોરંજન પ્રવાસ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. વિવાદથી અશાંતિ વધશે. વ્યવહારકુશળતાથી નવી તક અને અટકેલા કામમાં ગતિ આવે. દલાલી-માર્કેટીંગ જેવા કામમાં પ્રગતિ થાય. આરોગ્ય નરમ રહે. બહારના કામનો બોજ અને દોડધામ વધે. પ્રોપર્ટી બાબતે અનુકૂળતા થાય. વડીલોની મદદથી અટકેલાં કામ થાય. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. શુભ સમાચાર મળે.



**કુંભ (ગ,સ,શ,ષ):-** તમારી નેતૃત્વક્ષમતાની કસોટી કરનાર વીક છે. આત્મવિશ્વાસ રાખવો અઘરો પડશે. આગ-અકસ્માત પાણીથી સાવધાન. આર્થિક બાબતે લાલચથી બચવું. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ઘર-પરિવારનાં કામમાં ઉત્સાહજનક પ્રગતિ થાય. લાગણીઓ પર કાબૂ રાખીને જવાબદારી નિભાવવાથી સફળતા મળશે. પ્રવાસમાં સાવધાન, પ્રોપર્ટીને લગતા કામમાં અચાનક સફળતા મળી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ):-** ચાલુ વીક નવી શીખ અને વિચારોની જનેતા રહેશે. પણ વિરોધીઓ પરેશાન કરે. વારસા બાબતે વિઘ્નો આવે. નવી નોકરીની યોજના પૂર્ણ થાય. અકસ્માતથી સાવધાન. આર્થિક બાબતે કોઈની વાતોમાં આવવું નહીં. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવે. દાંપત્યજીવન ઉત્સાહજનક રહે. ઘરમાં નવા ફેરફાર થાય. સમાજમાં યશ મળે. આત્મવિશ્વાસ વધે તેવી સફળતા મળે. આવક વધે.

# સિંહ રાશિમાં શુક્ર

જ્યોતિષશાસ્ત્રમાં કર્ક અને સિંહ રાશિમાં શુક્રને શુભ માનવા આવતા નથી. કારણકે આ બંને રાશિમાં આશ્લેષા એ મઘા નક્ષત્ર આવે છે. આ રાશિ અને નક્ષત્ર ગંડાતદોષમાં આવે છે. આશ્લેષાનું છેલ્લા ચરણની બે ઘડી અને મઘાના પ્રથમ ચરણની બે ઘડીને પૂર્ણ રીતે ગંડાત માનવામાં આવે છે. તા. 04-07-2026ની સાંજે શુક્ર 19:15 કલાકે સિંહ રાશિ અને મઘા નક્ષત્રના પ્રથમ ચરણમાં પ્રવેશની પૂર્વ સાંજે 18:27 કલાકથી ગંડાતના પ્રભાવમાં આવી જશે અને તે સાંજે 20:03 કલાક સુધી આ અવસ્થામાં રહેશે. આ તારીખે ઉપરોક્ત સમય દરમિયાન જે કોઈનો જન્મ થશે તે પૂર્ણ રીતે ગંડાતદોષ સાથે થશે. ગંડાતદોષયુક્ત શુક્રને શુભ માનવામાં આવતો નથી. ખાસ કરીને વિવાહિત જીવન માટે તો અશુભ સાબિત થાય છે. ઘણી વખતે ગમે તેવાં લાયક પાત્રોના વિવાહ કે લગ્ન થતાં પણ નથી અને જેના થાય છે તેનાં ટકતાં નથી અને જો ટકે તો લગ્નજીવન જ સજા સમાન સાબિત થાય છે. ચારિત્ર્ય માટે આ શુક્રને અશુભ માનવામાં આવે છે. તા. 01-08-2026 સુધી શુક્ર સિંહમાં ભ્રમણ કરશે. કેતુ પણ હાલ સિંહ રાશિ અને મઘા નક્ષત્રમાં છે અને સૌથી વધુ અશુભ અસર પેદા કરનાર મંગળની દૃષ્ટિ શુક્ર-કેતુ પર તા. 02-08-2026 સુધી મંગળ વૃષભમાં રહેશે.

શુક્ર ખૂબ જ નાજુક અને ક્રિયાશીલ ગ્રહ છે. તેની આજુબાજુ કોઈ પણ ગ્રહની હાજરી સહન કરી શકતો નથી તેમાં પણ મંગળ સૂર્ય રાહુ-શનિ જેવા પાપ ગ્રહોની દૃષ્ટિ યુતિ કે પડોશ તરીકે શુક્રને અશુભત્વ પૂરું પાડે છે. પોતાના શત્રુ ગ્રહની હાજરી પણ સહન નહીં કરનાર શુક્ર ફક્ત એકલો જ શુભ ફળ આપે છે. બુધની યુતિ-દૃષ્ટિ શુભ, ગુરુ ચંદ્રની હાજરીને સહન ન કરી શકતા હોવાથી શુભત્વને ઘટાડે છે અને એક બીજાના પ્રકૃતિને વિરુધ્ધ ફળ આપે છે. ચંદ્ર સાથે સાંસારિક જીવનને બગાડે છે અથવા સમાજમાં બદનામી કરે છે. સાથે કલા-સંગીત વગેરે ક્ષેત્રમાં સફળતા આપે છે પણ અંગત જીવનને નુકસાન કરે છે. ગુરુ સાથે ધર્મ અને આધ્યાત્મિકતાને એકબીજાના વિરોધી પ્રકૃતિ પ્રમાણે પ્રભાવિત કરનાર બની જાય છે.

સામાન્ય રીતે શુક્ર, પ્રેમ, સૌંદર્ય, કલા અને શાંતિનો કારક છે અને સ્ત્રી વર્ગનું પ્રભુત્વ ધરાવે છે માટે પ્રેમવિવાહ, પ્રેમસંબંધ, ફિલ્મ, નૃત્ય, ડ્રામા-નાટક, સંગીત, કલાકાર, ડાંસહોલ, બોલરૂમ, મનોરંજન, સુખસુવિધા, આનંદ, બ્યુટી પ્રોડક્ટ્સ, ફેશન ડીઝાઈન, સાર્વજનિક ઉત્સવ, જુગાર, ગ્લેમર, હોટેલ, મોડલીંગ, ફોટોગ્રાફી, ખેલ-કૂદમાં રસ, રેસ્ટોરન્ટ, દવા-મેડીસીન, કોસ્મેટીક, સિલ્ક ઈન્ડસ્ટ્રી, સોશ્યલ-મનોરંજન, અને ડોક્ટર વગેરે સાથે શુક્રનો સંબંધ છે. આ બધી લાઈનમાં શુક્ર જ સફળતા આપે છે.

જ્યોતિષશાસ્ત્રમાં સિંહ રાશિ કલા સાથે જોડાયેલ શિક્ષણ, બાળકોનો જન્મ દર, દેશની અંદર સાંસ્કૃતિક કાર્યક્રમો અને આનંદ-મનોરંજન, થિએટર, સિનેમા હોલ, કોમ્યુનિટી પાર્ક, એક્ટર-એક્ટર્સ, રચનાત્મક ગતિવિધિઓ, ખેલ, કૂદ, શેર બજાર, સટ્ટા, નૈતિક અને અનૈતિક કાર્ય, સ્કેન્ડલ-કૌભાંડ અને ખાસ સમાજના ઉચ્ચ કે ભદ્ર વર્ગ સાથે પ્રતિનિધિત્વ ધરાવે છે. જ્યારે શુક્ર સિંહ રાશિમાં આવે ત્યારે ઉપરોક્ત બાબતો સાથે જોડાયેલાં લોકોની પ્રતિભા ખીલતી હોય છે અને તેવાં કાર્યો કરીને માન અને સાથે અપમાન પણ મેળવે છે. પોતાની પ્રતિભા અને ક્ષમતાને પ્રેરિત કરીને નવી તક ઊભી થાય છે. તા. 04-07-2026થી તા. 01-08-2026 સુધી શુક્ર જાતકને પોતાના કાર્યક્ષેત્ર બાબતે સજાગ કરીને પોતાના વ્યક્તિત્વને ખિલાવશે અને પોતાની છાપ સુધારશે. જે લોકો ટેલેંટ, સેક્ટર, એચઆર, ફેશન, ક્રિએટીવ, ક્ષેત્ર, ડિઝીટલ માર્કેટીંગ, ઈન્ફ્લુએંસર, મીડિયા, ફિલ્મ, ટેલીવિઝન, મનોરંજન, એડવર્ટાઈઝમેન્ટ ઈન્ડસ્ટ્રી વગેરે સાથે જોડાયેલને આ સમયમાં સારા અને ઉત્તમ અવસર મળશે અને પ્રગતિનો અનુભવ થશે. જે લોકો પેંટિંગ, એડીટીંગ, ફોટોગ્રાફી અને અન્ય રચનાત્મક ક્ષેત્રો સાથે જોડાયેલને આ ગોચરનો શુક્ર નવા અવસર પેદા કરશે. પોતાની ઈચ્છાઓ પૂર્ણ થાય. જો કે સિંહનો અહંકાર પેદા કરનાર માનવામાં આવે છે. સાથે ઈર્ષાના કારણે બીજા સાથે દુર્વ્યવહાર કરાવીને અપમાનિત કરે છે. માટે સાવધાની રાખવી. શુક્ર લાગણીનો કારક છે. માટે સંબંધોમાં લાગણીનું ધ્યાન રાખવું અને ગેરસમજ પેદા ન થાય તેની કાળજી રાખવી.

ગોચરના શુક્ર શિક્ષણ ક્ષેત્રે નવા વિચારો અને રચનાત્મકતા વધારશે. સ્ત્રીઓ સાથે દુર્વ્યવહાર વધશે. આ સમય દરમિયાન પ્રજનન રેશીયો વધશે. દેશ અને દુનિયામાં તેનો પ્રભાવ જોવા મળશે. નવા સંબંધો માટે લોકો ડેટીંગ સાઈટ્સ સાથે જોડાઈને સક્રિય બનશે. વાણી વિલાસ વધશે. માટે રાજકારણ- રાજનીતિ બ્યાનબાજી વધશે અને લોકોનું ધ્યાન આકર્ષિત કરીને વિવાદ પેદા કરશે. બળાત્કારનું પ્રમાણ વધશે.

શેરબજારમાં મીડિયા- એન્ટરટેન્મેન્ટ, ફિલ્મ ક્ષેત્ર, બ્રોડકાસ્ટિંગ, મ્યુઝિક, ડિઝીટલ ટોમીંગ ટેકનિકલ ક્ષેત્રને સંલગ્ન શેરોના ભાવ વધશે. ફિલ્મ ઉદ્યોગ, ઓટીટી સ્ટીમિંગમાં કમાઈ માટેની તકો ઊભી થશે. સરકારની નિવેશ સંબંધી નીતિઓ અને ગવર્નમેન્ટ મની બોન્ડ વગેરેમાં વૃદ્ધિ થઈ શકે. શિક્ષણમાં ખાસ ટેકનોલોજી, મેડીકલમાં ફર્ટિલિટી સર્વિસ બજારમાં ઉછાળ જોવા મળશે. મેષ, વૃષભ, કર્ક, સિંહ, તુલાને શુભ ફળ મળશે. મકર, મીન, રાશિવાળાએ સાવધાન રહેવું. મિથુન, કન્યા, ધન, વૃશ્ચિક અને કુંભને મિશ્રફળ મળશે. માતા લક્ષ્મીજીની ઉપાસના કરવી અને પોતાની જાત-ઘર-ઓફિસ વગેરેને સાફ સુથરો રાખવાથી શુક્રનું શુભ ફળ મળશે.




## તારીખ : ૧૭/૦૫/૨૦૨૬ ના રોજની જાહેર નોટીસ વિરૂધ્ધ ગ્રીન ગ્રુપ ધ્વારા સંચાલિત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' વતી અને તરફે અલ્પેશકુમાર ગોકળભાઈ કોટડીયા નાંઓનો તારીખ : ૨૪/૦૫/૨૦૨૬ ના રોજનો પ્રમાણિત ખુલાસો (?) તેમજ વળતી નોટીસ પારદર્શીતા અને પ્રમાણીકતાના અભાવે અધુરી, અસ્પષ્ટ, અસંગત, અતાર્કીક, અયોગ્ય અને અર્થહીન છે.

જીલ્લો : નવસારી, તાલુકો : જલાલપોર, મોજે ગામ : પોંસરાનાં જુના બ્લોક નં. ૨૭૫, ૨૭૬,૨૭૭, ૨૭૮, ૨૭૯ કે જેના નવા બ્લોક નં. ૪૭૭, ૪૭૫, ૪૭૬, ૪૮૧, ૪૮૦ છે તે જમીનો સંદર્ભે જ અમોએ તારીખ : ૧૭/૦૫/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્રમાં જાહેર નોટીસ આપી હતી. જે વિરૂધ્ધમાં ગ્રીન ગ્રુપ ધ્વારા સંચાલિત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' વતી અને તરફે અલ્પેશકુમાર ગોકળભાઈ કોટડીયા નાંઓએ મનીષ પટેલ એન્ડ એસોસીએટસના એડવોકેટશ્રી મનીષ એમ. પટેલ મારફતે તારીખ : ૨૪/૦૫/૨૦૨૬ ના રોજ પ્રમાણીત ખુલાસો (?) તેમજ વળતી નોટીસ થકી અમોને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા પડકાર આપેલ. જેથી અમોએ તારીખ : ૦૬/૦૬/૨૦૨૬ ના રોજ સ્પીડ પોસ્ટ મારફતે તેઓને **ફરીથી** ૨૦ દસ્તાવેજી પુરાવાઓ સહીતનો જવાબ સહ વળતી નોટીસ આપેલ છે. જેની તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ બજવણી થઈ ગઈ હોવા છતા તેઓ સમક્ષ રજુ કરેલા ૨૦ દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભે/વિરૂધ્ધ આજદીન સુધી તેઓ પોતે જ અમોને કોઈ સ્પષ્ટતા/જવાબ આપી શકયા નથી.


તારીખ : ૧૭/૦૫/૨૦૨૬ ના રોજની અમારી જાહેર નોટીસ **પહેલા** અમોએ ફકત ને ફકત સદરહુ જમીન સંદર્ભે જ ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયા અને અલ્પેશ ગોકળભાઈ કોટડીયા નાંઓના સ્વતંત્ર નામ જોગ ઉલ્લેખ સાથે તારીખ : ૧૯/૦૨/૨૦૨૬ ના રોજના ગુજરાત મિત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ. સત્ય અને તથ્ય આધારીત અમારી સદરહુ જાહેર નોટીસનો અલ્પેશ ગોકળભાઈ કોટડીયા સહીત કોઈએ પણ જવાબ આપેલ નથી.

તારીખ : ૧૯/૦૨/૨૦૨૬ ના રોજની જાહેર નોટીસ **પછી** અમોને ગ્રીન ગ્રુપ ધ્વારા સંચાલિત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ની અધિકૃત ઓનલાઈન સાઈટ ઉપરથી મળેલ નીચે મુજબના બ્રોસરના નકશામાં સદરહુ પ્રોજેકટનો જે આકાર અને આકૃતિ **(જેમાં સર્કલમાં સદરહુ બ્લોક નંબરોવાળી જમીનોની સ્થળ સ્થિતિ દર્શાવેલ છે.)** દર્શાવેલ છે તે આકાર અને આકૃતિ તેમજ ડીસ્ટ્રીકટ લેન્ડ રેવન્યુ રેકર્ડ (ડીઆઈએલઆર) ના નીચે મુજબના નકશામાં જમીનોના જુના અને નવા સર્વે/બ્લોક નંબર સહીત જે આકાર અને આકૃતિ **(જેમાં સર્કલમાં સદરહુ બ્લોક નંબરોવાળી જમીનોની સ્થળ સ્થિતિ દર્શાવેલ છે.)** દર્શાવેલ છે તે આકાર અને આકૃતિ ઓનો એકસાથે અભ્યાસ અને અવલોકન કરતા ગ્રીન ગ્રુપ સંચાલીત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' નું જે બ્રોસર છે તેના નકશાના લગભગ મધ્ય ભાગે સદરહુ સર્વે/બ્લોક નંબરોવાળી જમીનો પણ નિર્દેશીત થાય છે.

**ડી.આઈ.એલ.આર નો નકશો**




**'' પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક'' નું બ્રોસર**



સબબ, તારીખ : ૧૭/૦૫/૨૦૨૬ ના રોજની અમારી જાહેર નોટીસ **પહેલા** સદભાવ અને સહકારની અપેક્ષાએ અમો સહીતના ૨૪ વ્યકિતઓએ તારીખ : ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ રજી.પોસ્ટ મારફતે સદરહુ ગ્રીન ગૃપ નાંઓને તેમના એ/૨–૧૦૧, મહાલક્ષ્મી આર્કેડ, મહાલક્ષ્મી માતાજીના મંદિર પાસે, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯ નાંઓને તેઓના 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના ઉપરોકત બ્રોસર તથા ડીઆઈએલઆરના ઉપરોકત નકશા સહીત સદરહુ જમીન અંગેના અમારા પ્લોટસ બાબતે ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયાએ અમોને લખી આપેલ ડાયરીઓ, નોટરાઈઝડ કબજા રસીદો, નાણા પરત આપવાનું નોટરાઈઝડ લખાણ, નોટરાઈઝડ સમજુતી કરાર, જાહેર નોટીસો અને જાહેર જવાબો, વિવિધ કાનુની પ્રકરણો જેવા જુદા જુદા ૨૦ દસ્તાવેજી પુરાવાઓ સહીત લેખીત અરજી કરી તેઓને જાણ કરેલ. પરંતુ તે વિરૂધ્ધ કે બાબતે અલ્પેશ ગોકળભાઈ કોટડીયા પોતે જાતે અથવા ગ્રીન ગ્રુપ વતી અને તરફે કોઈએ અમોને જવાબ આપેલ નહી.

સબબ, ગ્રીન ગ્રુપને તારીખ : ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ અમારી લેખીત અરજી, રેકર્ડ અને હકિકતના સ્પષ્ટ આધાર અને ઉલ્લેખ સાથે ફકત સદરહુ જમીન અંગે જ તારીખ : ૧૭/૦૫/૨૦૨૬ ના રોજના ગુજરાતમિત્રમાં જાહેર ચેતવણી કમ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાની અમોને ફરજ પડી હતી. પરંતુ ગ્રીન ગ્રુપના તારીખ : ૨૪/૦૫/૨૦૨૬ ના રોજના પ્રમાણીત ખુલાસા (?) માં પણ તારીખ : ૦૯/૦૪/૨૦૨૬ ના રોજની અમારી લેખીત અરજી અને દસ્તાવેજી પુરાવાઓ બાબતે કોઈ જ સ્પષ્ટતા/ખુલાસો/જવાબ આપવામાં આવેલ નથી.

ગ્રીન ગ્રુપે તારીખ : ૨૪/૦૫/૨૦૨૬ ના રોજ આપેલ પ્રમાણીત ખુલાસા (?) તેમજ વળતી નોટીસમાં સદરહુ જમીનો 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના પ્રોજેકટનો ભાગ નથી તથા સદરહુ જમીનો કે ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયાને 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' સાથે દુર દુર કોઈ લેવા દેવા નથી એવી કાનુની કબુલાત કરી છે અને હોવાથી સદરહુ જમીનનો સંદર્ભેના અમારા પ્લોટસ બાબતે તેમજ અમારી અને ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયા નાંઓ વચ્ચે થયેલા ડાયરી સહીતના કાનુની લખાણો, ટાઈટલ અને વ્યવહારો બાબતે ગ્રીન ગ્રુપે તેમના પ્રમાણીત ખુલાસા (?) તેમજ વળતી નોટીસ થકી કરેલ ટીકા, ટીપ્પણી, સલાહ કે સુચન તદ્દન અધુરી, અસંગત, અતાર્કીક, અયોગ્ય, અર્થહિન, અને લોકસ સ્ટેન્ડ વિનાનો જ હતો અને છે.

તારીખ : ૧૭/૦૫/૨૦૨૬ ના રોજની અમારી જાહેર નોટીસમાં અમોએ એવું સ્પષ્ટ જણાવેલ કે ગ્રીન ગ્રુપ ધ્વારા સંચાલિત 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના બ્રોસરમાં ચુતરાઈ અને ચાલાકીપુર્વક પ્રોજેકટમાં સમાવિષ્ટ જમીનોના બ્લોક/સર્વે નંબરોનો ઉલ્લેખ કરેલ નથી. સબબ, તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ અમારી લેખીત અરજી સાથે બ્રોસર અને ડીઆઈએલઆરના ઉપરોકત નકશાઓ રજુ કરવામાં આવેલ હોવાથી ગ્રીન ગ્રુપે પોતાના જ 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના બ્રોસરના નકશામાં સમાયેલ બ્લોક/સર્વે નંબરો સહીતના આકાર અને આકૃતિ બાબતે પણ પોતાની પ્રમાણીકતા, પારર્દશીતા અને પ્રાથમીકતા દર્શાવવાની નૈતિક અને કાનુની ફરજ હતી. પરંતુ ગ્રીન ગ્રુપે તા.૨૪/૦૫/૨૦૨૬ ના રોજના કહેવાતા પ્રમાણીત ખુલાસા (?) માં પોતાના જ 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના બ્રોસરના નકશામાં સમાયેલ બ્લોક/સર્વે નંબરો સહીતના આકાર અને આકૃતિ બાબતે કોઈ જ ખુલાસો/જવાબ આપેલ નથી.

તા.૧૭/૦૫/૨૦૨૬ ના રોજની અમારી જાહેર નોટીસમાં ચંદ્રેશ કોટડીયાએ સદરહુ જમીન અંગે અમારી તરફેણમાં તારીખ : ૧૬/૦૭/૨૦૨૪ ના રોજ કરી આપેલ નોટરાઈઝડ સમજુતી કરારની શરત નં.૮ નો વિગતવાર ઉલ્લેખ કરી સદરહુ જમીન તળેના પ્લોટસ અંગેના અમારા તમામ લખાણો અમલમાં હોવાનું સ્પષ્ટ રીતે જાહેર કરેલ. પરંતુ ગ્રીન ગ્રુપે તેઓના તારીખ : ૨૪/૦૫/૨૦૨૬ ના રોજના પ્રમાણિત ખુલાસા (?) માં સદરહુ સમજુતી કરાર બાબતે ખુબ જ શંકાસ્પદ રીતે કોઈ ખુલાસો કર્યો નથી.

ગ્રીન ગ્રુપે તારીખ : ૨૪/૦૫/૨૦૨૬ ના રોજના પ્રમાણિત ખુલાસા (?) માં 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના ટાઈટલમાં ગુંચ ઉભી કરવા, પ્રોજેકટની જાહેરમાં બદનક્ષી કરવાનું ષડયંત્ર કરવા અને બ્લેકમેઈલીંગ કરવા અમોએ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી હોવાની જાહેર કરેલ તમામે તમામ હકિકતો, અમારી તારીખ : ૧૯/૦૨/૨૦૨૬ ના રોજની જાહેર નોટીસ તથા અમોએ તારીખ : ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ગ્રીન ગ્રુપને ૨૦ દસ્તાવેજી પુરાવાઓ સહીત કરેલ લેખીત અરજીને આધારે તદ્દન, પોકળ, ખોટી અને બીનપાયેદાર હતી અને છે. ૨૦ દસ્તાવેજી પુરાવાઓ સહીતની અમારી તારીખ : ૦૯/૦૪/૨૦૨૬ ના રોજની લેખીત અરજી પછી પણ ગ્રીન ગ્રુપની જ ઉદાશીનતા, બેદરકારી, બેજવાબદારી અને કસુરને કારણે જ અમોએ તારીખ : ૧૭/૦૫/૨૦૨૬ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાની ફરજ પડી હતી.

તદઉપરાંત ગ્રીન ગ્રુપના તારીખ : ૨૪/૦૫/૨૦૨૬ ના રોજના પ્રમાણિત ખુલાસા (?) સહ વળતી નોટીસ વિરૂધ્ધ ૨૦ દસ્તાવેજી પુરાવાઓ સહીતના અમોના તારીખ : ૦૬/૦૬/૨૦૨૬ ના રોજના લેખીત જવાબ સહ વળતી નોટીસમાં ગ્રીન ગ્રપને દિન–૫ માં જે જમીનો ઉપર 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' આયોજીત છે તે જ જમીનોના બ્લોક/સર્વે નંબરોના સ્પષ્ટ ઉલ્લેખ સહીતના ખરા અને સાચા આકાર અને આકૃતિવાળા 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના બ્રોસરના નકશા ગ્રીન ગ્રુપની અધિકૃત ઓનલાઈન સાઈટ ઉપર જાહેર કરવા અને તે મુજબ જ ડી.આઈ.એલ.આર. ના આકાર અને આકૃતિવાળા નકશા પણ જાહેર કરવા અને/અગર 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના બ્રોસરના નકશામાં સદરહુ પ્રોજેકટનો જે આકાર અને આકૃતિ દર્શાવેલ છે તે આકાર અને આકૃતિમાં અમારા હકક, હીત, અધિકાર સમાયેલા છે તેવી સદરહુ બ્લોક/સર્વે નંબરોવાળી જમીનો સમાવેશ થતો નથી એવી કાનુની સ્પષ્ટતા સહીત જ 'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક' ના ખરા અને સાચા બ્રોસરના નકશાઓ અમારી સમક્ષ અને/અગર વર્તમાનપત્રમાં જાહેર કરવા તથા લેખીત જવાબ/ખુલાસો/સ્પષ્ટતા કરવા જણાવેલ. પરંતુ, અમારા સદરહુ જવાબ સહ વળતી નોટીસનો પણ ગ્રીન ગ્રુપ તરફથી આજદીન સુધી કોઈ જ અમલ/જવાબ/ખુલાસો/સ્પષ્ટતા થયેલ નથી. અમારા સદરહુ જવાબ સહ વળતી નોટીસમાં અમોએ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાનો વિકલ્પ ખુલ્લો રાખેલ હોવાનું પણ ગ્રીન ગ્રુપને જણાવેલ છે. સબબ તેને આધીન આ જાહેર જવાબ સહ નોટીસ આપવાની ફરજ પડી છે.

સબબ, સદરહુ જમીનો સંદર્ભે **ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયા કે અલ્પેશ ગોકળભાઈ કોટડીયા** સાથે તેમજ **ગ્રીન ગ્રુપ** ધ્વારા કાનુની સ્પષ્ટતાના અભાવે સદરહુ જમીન સંબંધિત **ગ્રીન ગ્રુપ** ધ્વારા સંચાલિત **'પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક'** અંર્તગત પ્લોટસ/મિલકતમાં કોઈ પણ વ્યકિત યા સંસ્થાએ ખરીદીના, રોકાણના, નાણા ધીરવાના કે અન્ય કોઈ પણ પ્રકારે નાણાકીય વ્યવહારો કે લખાણો કરવા–કરાવવા નહી. અન્યથા માલીકી અને કબજા હકકના ખામીયુકત ટાઈટલ અને કાનુની તકરાર સીવાય વિશેષ કશું પણ પ્રાપ્ત થશે નહી.

પુર્વગ્રહ વિના અને પ્રજાકીય હીતમાં વધુ એક વખત જાહેર કરીએ છીએ કે આ જાહેર નોટીસ ફકત ને ફકત સદરહુ જમીનો સંદર્ભે જ છે.

**અમોની સહી સુચના અને સમંતિથી**

**જીતેન્દ્રકુમાર બાબુભાઈ જરીવાલા** | **પ્રિયંક હર્ષદભાઈ જરીવાલા**
Contact No. 98251 67275 | Contact No. 95376 88999
**નરેશભાઈ શંભુલાલ સિંગાપુરી** | **ભુપેન્દ્રભાઈ પ્રાણલાલ ધારીવાલા વિગેરે**

Date : 06/07/2026
Office : 310-311, Wood Square,
L.P. Savani Road, Adajan, Surat. Mob. No. 98252 79254.

Devang S. Mehta, Manish C. Mehta (Advocates & Notaries)
Nilesh D. Kadam, Vishnu M. Pechiwala (Advocates)